# પ્રેસનોટ

## અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર રાષ્ટ્રધ્વજના યોગ્ય માન સન્માન અંગે એડવાઇઝરી પ્રેસ નોટ.

૨૬ મી જાન્યુઆરી- નારોજ સમગ્ર દેશમાં પ્રજાસત્તાક દિન ની ઉજવણી ઉત્સાહ પુર્વક લોકો કરે છે. અને રાષ્ટ્ર પ્રેમનો અનોખો માહોલ સર્જાય છે. લોકો પોતાના વાહનો ઉપર, ધંધાના સ્થળે, ફેક્ટરીઓ ઉપર, મકાનો ઉપર, નાના મોટા પ્રમાણના ધ્વજો જાહેરમાં પ્રદર્શીત કરે છે. તેમજ જાહેરમાં યોજવામાં આવતા કાર્યક્રમ દરમ્યાન સ્કુલો અને સંસ્થાઓ તરફથી નિકળતી રેલીઓમાં નિકળનાર હાથમાં ધ્વજ લઇ સ્વાતંત્ર દિન ની ઉજવણી કરે છે.

પ્રજાસત્તાક દિનની ઉજવણી બાદ રાષ્ટ્રધ્વજ ને ગમે ત્યાં રોડ ઉપર, કચરાનાં ઢગલામાં તેમજ અન્ય જગ્યાએ નાખવાથી રાષ્ટ્રધ્વજની મર્યાદા જળવાતી નથી. અને રાષ્ટ્રધ્વજનું અપમાન થતું જોવામાં આવે છે અને ફાટેલા રાષ્ટ્રધ્વજનાં ટુકડા ઘણા દિવસો સુધી રોડ ઉપર તથા કચરામાં ગેમેતેવી અન્ય જગ્યાઓએ પડી રહેલા માલુમ પડે છે.

રાષ્ટ્રધ્વજનો આદર કરવો અને માન મર્યાદા જાળવવી તે દરેક નાગરીકની ફરજ છે. આ માટે ફલેગ કોડમાં આપેલ સુચનાઓ મુજબ ફલેગને રાખી શકાય છે. તે સિવાયના સંજોગોમાં રાષ્ટ્રમાનક ચીન્હોના દુરઉપયોગ રોકવાના કાયદા મુજબ તથા રાષ્ટ્ર પ્રતિષ્ઠા અપમાન પ્રતિબંધ અધિનિયમ ૧૯૭૧ ની કલમ ૨ મુજબ ત્રણ વર્ષ સુધીની સજા અને દંડને પાત્ર ગુનો બને છે. કાયદા મુજબ શિક્ષાને પાત્ર હોઇ દરેક નાગરિકે રાષ્ટ્રધ્વજનું માન સન્માન જળવાય તે રીતે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવા તમામ નાગરીકો ને અનુરોધ કરવામાં આવે છે.

(વિકાસ સહાય)
સંયુકત પોલીસ કમિશ્નર
વિશેષ શાખા, અમદાવાદ શહેર

પ્રતિ,
પી.આર.ઓ.શ્રી,
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર.

-: જાહેરનામું :-

**ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ:**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૭ /૨૦૧૫**

અમદાવાદ શહેરની પરિસ્થિતીને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત નીચેના વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત રાજ્યનાં ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગનાં તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, ગુજરાત પોલીસ અધિનિયમ સને૧૯-૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭)૧ (અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં **તા.૨૮/૦૧/૨૦૧૫ ના કલાક ૦૦.૦૦ થી ૧૧/૦૨/૨૦૧૫ ના કલાક ૨૪.૦૦** સુધી નીચેનાં કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઇપણ જાતનાં ચપ્પુ જે અઢી ઇંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવાં ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઇજા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની મનાઇ ફરમાવું છું.

(ખ) કોઇપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાંદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાંદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

- વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.
- અપવાદ :- આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિ.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાંનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી અને અમદાવાદ શહેરના વિસ્તારોમાં લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરી પ્રસિધ્ધ કરવું અને સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ **૨૦** માહે. જાન્યુઆરી સને.૨૦૧૫ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યા.

અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

Jahernamu-37-1-2014